10 કરોડના મોલાસીસ મુદ્દે માનસિંહ પટેલ જૂથને ઘેરવાનો પ્રયાસ

સુમુલ ડેરીની સભા તોફાની બની ભાજપનાં બે જૂથમાં સત્તા સંઘર્ષ

આદિવાસી સભાસદોના વિશાળ હિતમાં મોલાસીસ ખરીદવામાં આવ્યું, 7 કરોડ ચૂકવાઈ પણ ગયા: માનસિંહ પટેલ

સુરતઃ સુમુલની વ્યવસ્થાપક કમિટીની ટર્મ પૂર્ણ થતાં કસ્ટોડિયન શાસન હેઠળ યોજાયેલી સાધારણ સભા તોફાની બની હતી. સુમુલ ડેરીના વર્તમાન ચેરમેન માનસિંહ પટેલને રાજુ પાઠક જૂથે ચૂંટણી અને મોલાસીસ પ્રકરણમાં ઘેરવાનો પ્રયાસ કર્યો હતો.

સુમુલ ડેરીની 74મી વાર્ષિક સાધારણ સભામાં ભાજપનાં બે જૂથ વચ્ચે સત્તા અને વર્ચસ્વની લડાઈનું વરવું પ્રદર્શન ખુલ્લેઆમ જોવા મળ્યું હતું. સુમુલ ડેરીના વાઇસ ચેરમેન રાજુ પાઠક જૂથ દ્વારા તત્કાલીન ચેરમેન માનસિંહ પટેલને મહુવા સુગર પાસેથી 10 કરોડની મોલાસીસની ખરીદીને મુદ્દો બનાવી ઘેરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સામાન્ય સભામાં રાજુ પાઠક સમર્થકો વાહનો ભરી સામાન્ય સભામાં આવતાં સમગ્ર સામાન્ય સભામાં તેઓના જૂથનો પ્રભાવ જોવા મળ્યો હતો. વળતી પ્રતિક્રિયામાં માનસિંહ પટેલ જૂથ તરફથી નિર્ણય આદિવાસી સભાસદોના હિતમાં લેવાયો હોવાનું જણાવી કોઇપણ પ્રકારની નાણાકીય ગેરરીતિ થઇ ન હોવાનો બચાવ કરવામાં આવ્યો હતો. પાઠક જૂથ દ્વારા તત્કાલીન પ્રમુખ માનસિંહ પટેલને બોલતા અટકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પૂર્વ ડિરેક્ટર નરેશ પટેલ અને રાજુ પાઠક તરફથી આક્રમક વલણ ધારણ કરી માનસિંહ પટેલને ઘેરવાની રણનીતિ અપનાવવામાં આવી હતી.

માનસિંહ પટેલ સભાસદોને સંબોધન કરી રહ્યા હતા ત્યારે ત્યારે પૂર્વ ડિરેક્ટર નરેશ પટેલે અચાનક આગળ આવી તેમને બોલતા અટકાવી કોઇપણ કાનૂની ઠરાવ કે બોર્ડની મંજૂરી વિના મહુવા સુગર પાસેથી એડ્વાન્સમાં 10 કરોડ રૂપિયાના મોલાસીસ ખરીદવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જેના લીધે વાતાવરણમાં ગરમાટો આવ્યો હતો અને સભાસદો ઉગ્ર બન્યા હતા. માનસિંહ પટેલે ઉત્તર આપ્યો હતો કે, મહુવા સુગર પાસેથી 10 કરોડ પૈકી 7.50 કરોડનું મોલાસીસ ખરીદવામાં આવ્યું હતું અને 2.50 કરોડ રૂપિયા ડેરીને પરત કરી દેવામાં આવ્યા છે. સુમુલ ડેરીની 74મી વાર્ષિક સાધારણ સભા કતારગામ સ્થિત એમ.એમ.ખેની ભવન, સુરત ખાતે યોજાઈ હતી.

નઘોઇ સેવા સહકારી મંડળી પાસેથી ગેરકાયદે દૂધ ખરીદવાનો નિર્ણય રદ

સુમુલ ડેરીમાં કસ્ટોડિયન રાજમાં નઘોઈ સેવા સહકારી મંડળી પાસેથી ગેરકાયદે દૂધ ખરીદવાનો નિર્ણય સભાસદોએ ભારે વિરોધ વચ્ચે સર્વાનુમતે રદ કરાવ્યો હતો. નઘોઇ સેવા સહકારી મંડળી પાસેથી દૂધ લેવાની મંજૂરીને પગલે વિવાદ ઊભ્યો હતો. અત્યાર સુધી નઘોઇ ગ્રુપ મંડળીના સભ્યો તરીકે સોંદલાખારા મંડળીમાં દૂધ ભરતા આવ્યા છે અને હાલમાં પણ મોટી સંખ્યામાં સભાસદો સોંદરાખારા મંડળીમાં જ દૂધ ભરે છે. જો કે, કસ્ટોડિયન તરફથી સુમુલના નિયમો વિરુદ્ધ સમગ્ર સુરત અને તાપી જિલ્લામાં પ્રથમ વખત નઘોઇ સેવા મંડળીને મંજૂરી આપવામાં આવી હોવાથી વાર્ષિક સાધારણ સભાની બેઠકમાં સભ્યોએ સામૂહિક નોંધાવ્યો હતો. સુમુલના પૂર્વ ડિરેક્ટર જયેશ એન. પટેલ (દેલાડ)એ વિરોધ નોંધાવતાં કસ્ટોડિયન દ્વારા વોટિંગ કરાવવાની વાત રજૂ કરવામાં આવી હતી, જેમાં સભ્યોએ એકસૂરમાં નઘોઇ સેવા મંડળી પાસેથી દૂધ ખરીદવાનું બંધ કરવાનો મત વ્યક્ત કરતાં નઘોઇ સેવા મંડળી પાસેથી દૂધ ખરીદવાનું બંધ કરવાના ઠરાવ કરવામાં આવ્યો હતો. એના લીધે રાજકીય દબાણમાં ઝૂકેલા કસ્ટોડિયનનો ભારે ફજેતો થયો હતો.

સુમુલ ડેરીની નોકરીમાં પશુપાલકોનાં સંતાનોને અગ્રીમતા, વધારાના 10 માર્ક્સ મળશેઃ રાજુ પાઠક

સુમુલ ડેરીની વાર્ષિક સભામાં તત્કાલીન વાઇસ ચેરમેન રાજુ પાઠકે માસ્ટર સ્ટોક મારી સુમુલ ડેરીની નોકરીમાં પશુપાલકોનાં સંતાનોને અગ્રીમતા આપવા સાથે પરીક્ષામાં વધારાના 10 માર્ક્સ આપવાની દરખાસ્ત મૂકતાં હાજર સભાસદોએ સર્વાનુમતે આ દરખાસ્ત માન્ય રાખવા માંગ કરી હતી. રાજુ પાઠકે જણાવ્યું હતું કે, ભરતીમાં સુમુલ ડેરીમાં હવે સભાસદોનાં સંતાનોને નોકરીમાં અગ્રીમતા આપવામાં આવશે. જેથી સહકારી મંડળી સાથે સંકળાયેલા પરિવારના યુવાનોને ભરતીમાં વધુ તક મળી શકે, ભરતી પ્રક્રિયામાં લેખિત પરીક્ષામાં સફળ થયા બાદ ઉમેદવારોને મૌખિક પરીક્ષા એટલે કે ઇન્ટરવ્યુ માટે યોગ્ય તૈયારી મળી રહે એ માટે સુમુલ ડેરી દ્વારા પોતાના ખર્ચે ટ્રેનિંગ સેન્ટર્સ ઊભાં કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

કચ્છમાં એક દાયકા બાદ 'ઘોરાડ'ના બચ્ચાનો જન્મ

ઓપરેશન એગ ટ્રાન્સફર દ્વારા વન વિભાગને મળી મોટી સફળતા

ગાંધીનગર : ગુજરાતના વન્યજીવ સંરક્ષણ ઇતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. કચ્છના અબડાસા વિસ્તારમાં લાંબા સમય બાદ અત્યંત દુર્લભ ગણાતા ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ (ઘોરાડ)ના બચ્ચાનું આગમન થયું છે. કચ્છમાં નર ઘોરાડની ગેરહાજરીને કારણે માદા ઘોરાડ જે ઈંડા મૂકતી હતી તે અફલિત (Infertile) રહેતા હતા. આ સમસ્યાના ઉકેલ માટે વન વિભાગે જમ્પસ્ટાર્ટ એપ્રોચ પદ્ધતિ હેઠળ એક સાહસિક અભિયાન હાથ ધર્યું હતું.

રાજસ્થાનના બ્રીડિંગ સેન્ટરમાંથી એક ફલિત (Fertile) ઈંડું પોર્ટેબલ ઈન્ક્યુબેટરમાં મૂકી ૧૯ કલાકની સતત રોડ મુસાફરી કરાવી સુરક્ષિત રીતે કચ્છ લાવવામાં આવ્યું હતું.

૨૨ માર્ચના રોજ કચ્છની માદા ઘોરાડના અફલિત ઈંડાના બદલે આ ફલિત ઈંડું તેના માળામાં મૂકવામાં આવ્યું હતું. માદા ઘોરાડ દ્વારા કુદરતી સેવન કર્યા બાદ ૨૬ માર્ચના રોજ તંદુરસ્ત બચ્ચાનો જન્મ થયો હતો.

વર્ષ ૨૦૧૬માં શરૂ થયેલા પ્રોજેક્ટ GIB હેઠળ રાજસ્થાનના બ્રીડિંગ સેન્ટરમાં ઘોરાડની સંખ્યા વધીને ૭૩ સુધી પહોંચી છે.પીએમ નરેન્દ્ર મોદીએ ૨૦૧૧માં ઘોરાડના સંરક્ષણ માટે જે વિઝન રજૂ કર્યું હતું, તેને આ સિદ્ધિ દ્વારા નવું બળ મળ્યું છે.હાલમાં વન વિભાગની સ્પેશિયલ મોનિટરિંગ ટીમ દ્વારા માદા ઘોરાડ અને તેના નવજાત બચ્ચાનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. વન્યજીવ પ્રેમીઓ માટે આ સમાચાર પર્યાવરણ જતનના સંકલ્પને વધુ મજબૂત બનાવનારા સાબિત થયા છે.

૭૧ વર્ષના મૃતકના કેસમાં ક્લેઈમ ચૂકવવા હુકમ

ઓલપાડના પરિવારને ક્લેમની રકમ વ્યાજ સાથે ચૂકવવા ગ્રાહક કોર્ટનો હુકમ

સુરતઃ ખેડૂત મંડળીનાં સભાસદનાં મૃત્યુ કેસમાં ૭૧ વર્ષની ઉંમરને ધ્યાને લઈ ક્લેઈમ નકારનાર વિમા કંપનીને ફટકાર લગાવી સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (એડિશનલ)ના પ્રમુખ ન્યાયાધીશ આર.એલ.ઠક્કર અને સભ્ય શ્રીમતી પૂર્વીબેન જોશીએ મૃતકના ક્લેમની રકમ રૂપિયા ૨ લાખ વ્યાજ સહિત મૃતકની વિધવા અને ચાર સંતાનોને ચૂકવવા વીમા કંપનીને હુકમ કર્યો હતો. ઓલપાડનાં કીમ ગામનાં હસુબેન જમનાદાસ પ્રજાપતિ તથા તેમના ચાર સંતાનોએ એડવોકેટ શ્રેયસ દેસાઈ, ઈશાન દેસાઈ મારફતે વિમા કંપની સામે ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી. ફરિયાદીના પતિ જમનાદાસ પ્રજાપતિ તા. ૨૦/૦૩/૨૦૧૮ ના રોજ સવારે તેઓ પોતાની બાઈક પર શાળાએ જતા હતા. ત્યારે રસ્તા પર અચાનક આવી ચડેલા પશુ સાથે અથડાતા ગંભીર ઈજાને કારણે સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. આ દુર્ઘટનાને આધારે વીમા કંપની સમક્ષ જમનાદાસભાઈની પર્સનલ એક્સીડન્ટ ઈન્સ્યોરન્સ પોલિસી અન્વયે ક્લેઈમ કરવામાં આવ્યો હતો.પરંતુ વિમા કંપનીએ ગ્રુપ ઈન્સ્યુરન્સ પોલીસીનો લાભ માત્ર ૭૦ વર્ષની ઉમર સુધીના સભાસદોને મળી શકે તેમ જણાવી ક્લેમ નામંજૂર કર્યો હતો. આ કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી તરફે એડવોકેટ ઈશાન શ્રેયસ દેસાઈએ દલીલો કરતા જણાવ્યુ હતું કે, વીમો લેતી વખતે મર્હુમ જમનાદાસ પ્રજાપતિ દ્વારા ઉંમર સંબંધિત કોઈ હકીકત છુપાવવામાં આવી ન હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ ગ્રાહક કોર્ટે પોતાનાં ચુકાદામાં નોંધ્યું હતું કે વીમા કંપની વીમાધારકની વાસ્તવિક ઉમર ૭૧ વર્ષ હતી તે સાબિત કરવામા સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. જેથી વીમા કંપનીને ફરીયાદીઓને રૂ. ૨,૦૦,૦૦૦ની વીમા રકમ સાથે વાર્ષિક ૯% વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો હતો.

માર્ચ એન્ડિંગે ચોથા શનિવારે ખાસ બે સ્લોટ ફાળવ્યા છતાં સર્વર ઠપ્પ

સબ રજિસ્ટ્રાર કચેરી ખુલ્લી, પણ 'ગરવી ગુજરાત' સાઈટ બંધ

ગરમીમાં કલાકો સુધી રાહ જોતા અરજદારો અને વકીલોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો

સુરત : માર્ચ એન્ડીંગને ધ્યાનમાં રાખીને સુરત જિલ્લાની તમામ સબ રજિસ્ટ્રાર કચેરીઓ આજે ચોથા શનિવારે પણ ચાલુ રાખવામાં આવી હતી, પરંતુ રાજ્ય સરકારની "ગરવી ગુજરાત" વેબસાઈટના સર્વર ખોરવાતા દસ્તાવેજ નોંધણી પ્રક્રિયા ખોરવાઈ ગઈ હતી. જેના કારણે અરજદારો અને વકીલોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

માર્ચ મહિનાના અંતિમ દિવસોમાં દસ્તાવેજ નોંધણીનો ભાર વધતા સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. ચોથા શનિવારે સામાન્ય રીતે રજા હોવા છતાં કચેરીઓ ખુલ્લી રાખી અને અરજદારોને સુવિધા મળે તે માટે બે અલગ-અલગ સ્લોટમાં નોંધણી પ્રક્રિયા ગોઠવવામાં આવી હતી. દરેક સ્લોટ માટે ટોકન સિસ્ટમ પણ અમલમાં મુકાઈ હતી.

જો કે, આ તમામ આયોજન વચ્ચે સરકારની "ગરવી ગુજરાત" વેબસાઈટે સાથ ન આપતા સમગ્ર વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. સવારે પ્રથમ સ્લોટ દરમિયાન સર્વર ખૂબ જ મંદ ગતિએ ચાલતું હતું, જેના કારણે દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયા ધીમી પડી ગઈ હતી. બપોરે એક વાગ્યા પછી શરૂ થયેલા બીજા સ્લોટમાં તો પરિસ્થિતિ વધુ ખરાબ બની હતી. સર્વર સંપૂર્ણપણે બંધ થઈ જતા સાંજ સુધી નોંધણી કાર્ય સ્થગિત થઈ ગયું હતું. ટેક્નિકલ ખામી દૂર ન થતાં કચેરીમાં હાજર અરજદારો અને વકીલોને નિરાશ થઈ પરત ફરવું પડ્યું હતું.

ઈ-ગવર્નન્સ પ્રણાલીની ખામીઓથી રોષ

ખાસ કરીને હાલ ચાલી રહેલી ગરમી વચ્ચે લોકો કલાકો સુધી કચેરીઓમાં બેસી રહેવા મજબૂર બન્યા હતા. ઘણા અરજદારો દૂરદૂરથી આવ્યા હોવા છતાં તેમનું કામ થઈ શક્યું નહોતું, જેના કારણે રોષ અને અકળામણ જોવા મળી હતી. વકીલ વર્ગે જણાવ્યું હતું કે, માર્ચ એન્ડીંગને ધ્યાનમાં રાખીને પહેલાથી જ દબાણ રહેતું હોય છે, ત્યારે આવી ટેક્નિકલ ખામીઓથી સમય અને પૈસાનો બગાડ થાય છે. તેમણે તંત્રને સર્વર ક્ષમતા વધારવા અને બેકઅપ વ્યવસ્થા મજબૂત બનાવવા માંગણી કરી હતી. આ ઘટનાએ ફરી એકવાર ઈ-ગવર્નન્સ પ્રણાલીની ખામીઓ સામે લાવી છે. કચેરીઓ ખુલ્લી રાખવા છતાં વેબસાઈટ બંધ રહેતા લોકોમાં પ્રશ્ન ઉઠ્યો છે કે આયોજનમાં ટેક્નિકલ પાસાં પર પૂરતું ધ્યાન કેમ આપવામાં આવ્યું નથી.

વેસુ જૈન સંઘમાં જૈનમુનિ સાગરચંદ્રનો શ્રાવિકાઓએ કર્યો વિરોધ

વેસુના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપવા આવ્યા છે

દુષ્કર્મ આચરનારા સાધુને પુનઃ સંસારમાં ધકેલી દેવા માગ

સુરતઃ સાગર સમુદાયના જૈન મુનિ સાગરચંદ્રસાગર હાલ સુરતના વેસુ વિસ્તારમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપવા આવ્યા છે. જેનો મોટી સંખ્યામાં જૈન મહિલાઓએ વિરોધ કર્યો હતો. પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવી પોલીસ રક્ષણ પૂરું પાડવામાં આવે તો આ જૈન મુનિને સંસારી કપડાં પહેરેવી પુનઃ સંસારમાં ધકેલી દેવા મહિલાઓ તૈયાર હોવાનું જણાવ્યું હતું.

વેસુમાં આગમોદ્ધારક જાન સંઘ, ધાનેરા ભવનના આંગણે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સાગરચંદ્ર સાગર પણ આવ્યા છે. મહિલાઓએ પોલીસ કમિશનર કચેરી ખાતે એકત્ર થઈ આ જૈન મુનિ સામે ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા હતા. જેમાં સાધ્વીજી ભગવંતો તેમજ શ્રાવિકાઓ સાથે આ જૈન મુનિનો વ્યવહાર બરોબર ન હોવાનું અને તે દુષ્કર્મ આચરતો હોવાન આક્ષેપો કર્યા હતા. આ મુનિ સામે અમદાવાદ અને રાજસ્થાનમાં એક એક મળી કુલ બે ગુના નોંધાઈ ચૂક્યા હોવાનું પણ આ મહિલાઓએ આવેદનપત્રમાં જણાવ્યું છે.

મહિલાઓએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે સાધ્વીજી ભગવંતો અને શ્રાવિકાઓને નિશાન બનાવતા આવા લંપટ મુનિના કારણે જૈન ધર્મ બદનામ થઈ રહ્યો છે. ત્યારે તેને તાત્કાલિક અસરથી સાધુ તરીકેથી દૂર કરી સંસારી કપડાં પહેરાવી પાછા સંસારમાં ધકેલી દેવાની માગણી કરી હતી. એ સાથે જ આ મુનિના હાથે તો પ્રાણ પ્રતિષ્ઠ ન જ થવી જોઇએ તેવી લાગણી પણ વ્યક્ત કરી હતી. જૈન સમાજના આગેવાન વિપુલભાઈ કોઠારીએ કહ્યું કે અમદાવાદની કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે તેમાં હાજર રહેવા સમન્સ પણ નીકળ્યા છે. આગામી તા. 12મીએ કોર્ટમાં હાજર રહેવાનો આદેશ છે. રાજસ્થાનમાં આ મુનિએ વધુ પડતાં કાંડ કર્યા હોવાનું આને સાગરચંદ્રનો ભોગ બનનનારા સાધ્વીજી ભગવંતો તેમજ શ્રાવિકા હાલ ભૂગર્ભમાં ઉતરી ગયા હોવાથી તેમનો સંપર્ક થઈ શકતો નથી તેમ તેમણે કહ્યું હતું.

સુરતનું તાપમાન બે ડિગ્રી ઘટ્યું, મિશ્ર પવન ફુંકાયો

સુરતઃ સુરત શહેરમાં શનિવારે હવામાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. મહત્તમ તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો નોંધાતાં તે 35.6 ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું હતું. બીજી તરફ લઘુત્તમ તાપમાનમાં આંશિક વધારો થતાં તે 24.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ તાપમાનના ફેરફારને કારણે શહેરના નાગરિકોને ગરમીમાંથી થોડી રાહત મળી હતી.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ હવામાં આશરે 60 ટકા ભેજ નોંધાયો હતો. જેનાથી વાતાવરણ થોડું ભેજયુક્ત રહ્યું હતું. દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ દિશાથી 8 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાયો હતો. જ્યારે બપોર બાદ પવનની દિશા બદલાતાં દક્ષિણ-પશ્ચિમ તરફથી પવન વહેવા લાગ્યો હતો. આ રીતે મિશ્ર પવનોના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો અને વાતાવરણમાં બદલાવ આવ્યો હતો. હવામાન વિભાગ દ્વારા જણાવ્યા મુજબ આવતા અઠવાડિયાથી તાપમાનમાં ફરી ફેરફાર થવાની સંભાવના છે. સાથે જ રાજ્યના કેટલાક જિલ્લાઓમાં માવઠાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. હવામાનના આ બદલાતા સ્વરૂપને ધ્યાનમાં રાખી નાગરિકોએ સ્વાસ્થ્યની કાળજી રાખવી જરૂરી છે.

સુરત આરટીઓમાં એજન્ટ પ્રથા ક્યારે અટકશે?

મોદી ઓટોના રાજુ મોદીએ રૂપેશ કનેરિયા અને મુન્ના ગૌર વિરુદ્ધ અડાજણ પોલીસ મથકમાં અરજી આપી, પોલીસે પૂછપરછ શરૂ કરી

સુરતઃ આરટીઓમાં વાહન ડીલર તરીકે આરટીઓને લગતું કામ કરતા શત્રુઘ્ન મોદીને વિપુલ ઉર્ફે મુન્નો અને રૂપેશ કનેરીયા દ્વારા ટેલિફોનીક કોઇ અસામાજીક તત્વો મારફતે આરટીઓનું કામકાજ બંધ કરી દેવા નહીં તો જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હોવાની અરજી ડીલર દ્વારા અડાજણ પોલીસ મથકમાં કરવામાં આવી છે.

અરજીમાં જણાવ્યા અનુસાર શત્રુઘ્ન મોદી ડિલરના પ્રતિનિધી તરીકે આરટીઓ કચેરીમાં કામકાજ કરે છે. તેમની સાથે વિપુલ ઉર્ફે મુશો ગોર અને રૂપેશ કનેરીયા પણ આટીઓને લગતું કામ કરે છે. દરમિયાન ગઇ તા.21 માર્ચના રોજ સાંજના સમયે વિપુલ ગોરના ફોનની ઉપર રૂપેશ કનેરીયાનો ફોન ચાલુ હતો અને કોઈ ત્રાહિત અસામાજીક તત્વએ શત્રુઘ્ન મોદીને આરટીઓનું કામકાજ બંધ કરી દેજે નહીં તો જીવતો નહીં રહેવા દેશું તેવી ધમકી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આરટીઓમાં એજન્ટોને કોઈ પ્રવેશ નહીં હોવાનું બોર્ડ લાગ્યું હોવા છતાં ખુલ્લેઆમ એજન્ટો દ્વારા આરટીઓમાં અધિકારીઓ અને કર્મચારીઓ સાથે સાટગાંઠ કરીને પોતાનો ધંધો ચલાવવામાં આવી રહ્યો છે. ધંધાકીય હરીફાઈમાં ભુતકાળમાં એજન્ટોના સીધા ઈશારે કેટલાક કૌભાંડોનો પર્દાફાશ પણ થયો છે અને પોલીસ ફરીયાદો પણ થઈ છે. તાજેતરમાં જ બે એજન્ટો વચ્ચેની માથાકુટમાં પોલીસ કેસ પણ થયો હતો. ત્યારે એજન્ટો વચ્ચે ધંધાને લઇ ફરી એક વિવાદ સામે આવ્યો છે. આ અંગે રીજનલ ટ્રાન્સપોર્ટ ઓફીસર પણ ગંભીરતાથી લે તે જરૂરી થઈ પડ્યું છે. ઉલ્લેખનીય છે કે શહેરમાં ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનોના વેચાણ બાદ તેની રજિસ્ટ્રેશન પ્રક્રિયા હવે મોટાભાગે ઓનલાઈન થતી હોવાથી ડિલરોના પ્રતિનિધિઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ બની ગઈ છે. ટેક્સ ભરપાઈથી લઈને નંબર એલોટમેન્ટ અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન સુધીની પ્રક્રિયામાં આ પ્રતિનિધિઓ સક્રિય હોય છે. સુરતના ટોચના ડિલરોનું કામ સંભાળતી આ ત્રિપુટી વચ્ચે નવી ડીલરોને પોતાની તરફ ખેંચવા અને જૂના ક્લાયન્ટ્સ જાળવી રાખવાની સ્પર્ધા છેલ્લા કેટલાક સમયથી વધતી જ રહી હતી. હવે આ 'કોર્પોરેટ વોર' વ્યક્તિગત વિવાદમાં બદલાતાં પોલીસ તંત્ર સક્રિય બન્યું છે.

કર્મકાંડીની પત્ની, વિદ્યાર્થી સહિત ત્રણનો આપઘાત

સુરત : શહેરમાં જુદા જુદા ત્રણ બનાવોમાં અગમ્ય કારણસર આપઘાતની ઘટના નોંધાઈ છે. કર્મકાંડીની પત્ની, બીએસસીના વિદ્યાર્થી અને યુવકે આપઘાત કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

મૂળ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના વતની અને હાલ અમરોલી છાપરાભાઠા ખાતે આવેલા આદર્શ નગરમાં રહેતા કર્મકાંડી બશરીભાઈ જાનીના પત્ની દક્ષાબેને અગમ્ય કારણોસર ઘરે અનાજમાં નાખવાની ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો.

બીજા બનાવવામાં મૂળ મહારાષ્ટ્ર નંદુરબારના વતની અને હાલ લિંબાયત વિસ્તારમાં આવેલી શ્રીનાથ સોસાયટીમાં રહેતા અને બીએસસીનો અભ્યાસ કરતા રૂપેશ ભગવાનભાઇ પાટીલે રૂગઈકાલે રાત્રે ફાંસો ખાઇ લીધો હતો. ત્રીજા બનાવમાં સચિન જીઆઈડીસી ખાતે આવેલા પુષ્પ નગરમાં રહેતા ૩૮ વર્ષીય સાહબલાલ મીઠાઈલાલ ગૌતમ લાકડાની વખારમાં કામ કરી પત્ની તેમજ ત્રણ સંતાનનું ભરણપોષણ કરતા હતા. ગઈકાલે રાત્રે રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો.

અનુસંધાન ... પાના છેલ્લાનું

સુરત જિલ્લામાં...

3271 ફરિયાદ , બીજા ક્રમે મહેસૂલ વિભાગની 1018 ફરિયાદો , ત્રીજા ક્રમે ગૃહ વિભાગની 862 ફરિયાદો , ચોથા ક્રમે પંચાયત વિભાગની 800 ફરિયાદો અને પાંચમાં ક્રમે શ્રમ - રોજગાર વિભાગની 495 ફરિયાદો આયોગ સામે આવી છે.

આયોગદ સમક્ષ 2024 દરમિયાન એકંદરે 2823 તપાસ રિપોર્ટ વિચારણા હેઠળ હતા. જ્યારે તેમાંથી 1626નો નિકાલ કરાયો હતો. આયોગને 2024માં 562 સંદર્ભ કેસો મળ્યા હતા. જેમાંથી 400 સંદર્ભવ કેસોનો નિકાલ કરાયો હતો. 2024ના વર્ષના અંતે આયોગ પાસે 3556 જેટલા કેસો પડતર હતા. 2024ના અંતે બોર્ડ - નિગમોના અધિકારીઓ - કર્મચારીઓ સામેની ફરિયાદોમાં પ્રાથમિક તપાસના 3750 કેસો પૈકી 939 કેસો પડતર રહ્યા છે.

આયોગની ભલામણો...

લડત વધુ અસરકારક બની શકે છે.સંગીતાસિંહે ટિપ્પણી કરી છે કે ભ્રષ્ટાચાર સંબંધિત ફરિયાદોના નિકાલમાં નક્કી કરેલી સમયમર્યાદાનું પાલન થતું નથી, જેના કારણે અરજદારોને વારંવાર એક જ ફરિયાદ માટે દોડધામ કરવી પડે છે.તેમણે રિપોર્ટમાં સ્પષ્ટ કર્યું છે કે વિભાગોના વડાઓ તેમજ બોર્ડ-નિગમોના અધિકારીઓ દ્વારા સમયસર કાર્યવાહી ન થવાને કારણે ફરિયાદોની પ્રક્રિયા લંબાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સમયમર્યાદાનું કડક પાલન જ અસરકારક ફરિયાદ નિવારણ માટે આવશ્યક છે.તકેદારી આયોગે આ સ્થિતિને લઈને વિભાગોને ચેતવણી આપતા જણાવ્યું છે કે સમયસર કાર્યવાહી કરવી,પેન્ડિંગ કેસોનો ઝડપી નિકાલ કરવો,અને જવાબદારી નક્કી કરવી અત્યંત જરૂરી છે.

વહીવટી પ્રક્રિયાઓનું સરળીકરણ અને જવાબદારીનું નિર્ધારણ જ ભ્રષ્ટાચાર મુક્ત શાસનની ચાવી છે.

૬૭૮ જાહેર...

બ્યુરો (ACB) દ્વારા કરાયેલા છટકાના કેસો અને અન્ય તપાસના આધારે ૨૯ જાહેર સેવકો સામે ફોજદારી કાર્યવાહી (Prosecution) કરવાની મંજૂરી અપાઈ છે. ૫૪ સેવકો સામે હળવી શિક્ષા અને ૩૦ સામે નાણાકીય વસૂલાતની ભલામણ કરાઈ છે. ૫૮૮ કેસોમાં આક્ષેપો સાબિત ન થતા તેને દફતરે (Close) કરવાની સલાહ આપવામાં આવી છે.

જવાબદારો નિવૃત...

વર્ષ બાદ પણ પોલીસ ફરિયાદ નહીં થઇ. બોડેલી સિંચાઈ વિભાગ હસ્તક તળાવ ઉંડા ઉતારવાના કામમાં થયેલી મોટી અનિયમિતતામાં આયોગે છેતરપિંડી અને ઉચાપત બદલ પોલીસ ફરિયાદની ભલામણ કરી હતી. જોકે, વિભાગે રેકોર્ડ તૈયાર કરવામાં ૧૨ વર્ષનો વિલંબ કરતા હજુ સુધી ગુનો નોંધાઈ શક્યો નથી. આ કિસ્સામાં ઇજારદાર પાસેથી ૨૬ લાખથી વધુની રકમ વસૂલ કરવામાં આવી છે.

શ્રીપાળરાસની રચના...

છે. રાંદેરગામ જૈન સંઘના અગ્રણી અલય શાહના જણાવ્યા અનુસાર રાંદેરની લાલા ઠાકોરની પોળી, નાની ગલી ખાતે આવેલા ઉપાશ્રયમાં ચાતુર્માસ દરમિયાન વિનય વિજયજી મહારાજ સાહેબનું રોકાણ હતું ત્યારે ત્રણ સો વર્ષ પહેલા તેમણે શ્રીપાળના રાસની રચના કરી હતી. આ રાસ રાજા શ્રીપાણ અને મહારાણી મયણા પર આધારીત છે. જેથી તેને શ્રીપાળ મયણા રાસ તરીકે ઓળખવમાં આવે છે. તેઓ જ્યારે કાળધર્મ પામ્યા ત્યારે તેમને અગ્નિદાહ પણ અહીં જ આપવામાં આવ્યો હતો. આ રાસ પૂર્ણ કરવાનો ભગીરથ કાર્ય ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબે પૂર્ણ કર્યું હતું.

આશ્રમમાં યોગગુરુ...

ખૂલ્યું છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્યના પોલીસ ઇન્સ્પેક્ટર એસ.જે.જાડેજાએ જણાવ્યું હતું કે, નકલી નોટ કૌભાંડમાં પોલીસે યોગગુરુ પ્રદીપ જોટંગીયા સહિત સાત આરોપીની ધરપકડ કર્યા બાદ તેઓના દસ દિવસનાં રિમાન્ડ મેળવ્યાં છે. આ રિમાન્ડ દરમિયાન યોગગુરુ પ્રદીપ જોટંગીયા અને મુકેશ હુંમરની અલગથી પૂછપરછ કરવામાં આવી હતી. આ પૂછપરછ દરમિયાન નવેમ્બર-2025માં જ્યારે નકલી નોટ બનાવવાનું ષડયંત્ર રચવામાં આવ્યું ત્યારે સુરતનો ભાવેશ ગજેરા પણ સામેલ હતો. નકલી નોટ બનાવ્યા પછી તેને બજારમાં ફરતી કરવાની ખાતરી ભાવેશ ગજેરા દ્વારા આપવામાં આવી હતી. ફેબ્રુઆરી-2026ના પ્રથમ સપ્તાહમાં આ નકલી નોટ બજારમાં ફરતી કરવા માટે ભાવેશ ગજેરા દ્વારા અમદાવાદમાં એક વ્યક્તિને 40% કમિશનના આપી 20 લાખ રૂપિયા આપવાની ડીલ થઈ હતી. આ નકલી નોટો ફરતી કરવા માટે અમદાવાદમાં જે વ્યક્તિને આપવામાં આવી છે તેની તપાસ ચાલી રહી છે. પોલીસ તેની ખૂબ જ નજીક પહોંચી ગઈ છે.

ક્રાઈમ બ્રાન્યનાં સૂત્રોએ વધુમાં કહ્યું હતું કે, ભાવેશ ગજેરાના મિત્રની પત્નીને સારવાર માટે સુરતના સત્યમ યુગ ફાઉન્ડેશન ખાતે લઈ ગયા હતા. આ દરમિયાન અવારનવાર આશ્રમમાં જવા આવવાનું થતાં યોગગુરુ પ્રદીપ જોટંગીયા સાથે તેમની મુલાકાત થઈ હતી, આ મુલાકાત બાદ નકલી નોટોનો કારોબાર શરૂ કરાયો હતો.

યોગગુરુ પ્રદીપ જોટંગીયા સાથે મળીને આરોપી ભાવેશ અને મુકેશ દ્વારા નકલી નોટો છાપવા માટે ચીનથી ખાસ પ્રકારનો કાગળ મંગાવવામાં આવ્યો હતો. ભાવેશ ગજેરાએ અમદાવાદમાં જે વ્યક્તિને કમિશન ઉપર 20 લાખ